

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૯ | ૯ જુલાઈ, ૨૦૨૧, શુક્રવાર; જયેષ્ઠ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

સાવધાન : કોરોનાએ ફરી માથું ઉચક્યું

દેશમાં ૨૪ કલાકમાં ૪૫,૮૯૧ નવા કેસ અને વધુ ૮૧૭ દર્દીઓના મોત થયા : બે મહિના બાદ રિકવર કેસ કરતા નવા કેસ વધ્યા : કોરોનાથી કુલ મોતમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડ્યા બાદ છૂટછાટો મળવાની વધતા નવા કેસની સંખ્યા ઘટીને ૫૦ હજારની અંદર પહોંચ્યા બાદ ઉપર-નીચે થઈ રહી છે. ગઈકાલની સરખામણીમાં નવા કેસમાં વધારો થયો છે, ગઈકાલે ૨૪ કલાકમાં ૪૩,૭૩૩ નવા કેસ નોંધાયા હતા, જ્યારે આજે તેમાં વધારો થયો છે પરંતુ મૃત્યુઆંકમાં ઘટાડો નોંધાયો છે. સરકાર દ્વારા છૂટછાટો મળતા પ્રવાસન સ્થળો પર દેખાતી ભીડને લઈને ચિંતા વ્યક્ત કરી હતી, જે પ્રમાણે લોકો કોરોનાને ભૂલીને ફરી રહ્યા છે તે ભવિષ્યમાં ભરી જોખમી સાબિત થઈ શકે છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૪૫,૮૯૨ કેસ નોંધાયા છે જેની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ૪૪,૨૯૧ નોંધાઈ છે. દૈનિક કોરોનાથી થતા મૃત્યુનો આંક ૮૧૭ રહ્યો છે જે ગઈકાલની સરખામણીમાં ઓછો છે, ગઈકાલે એક દિવસમાં કોરોનાથી ૯૩૦ મોત નોંધાયા હતા.

ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૩,૦૭,૦૯,૫૫૭ થઈ છે જ્યારે સાજા થનારા દર્દીઓની સંખ્યા ૨,૯૮,૪૩,૮૨૫ સાથે ૩ કરોડની નજીક પહોંચી ગઈ છે. દેશમાં કોરોનાના લીધે કુલ ૪,૦૫,૦૨૮ દર્દીઓના મોત થઈ ગયા છે.

દેશમાં પાછલા લાંબા સમયથી કોરોનાના નવા કેસની સામે સાજા થનારા દર્દીઓનો આંકડો ઊંચ રહેવાથી એક્ટિવ કેસ ૪,૬૦,૭૦૪ થયો છે, જે ગઈકાલે ૪,૫૯,૯૨૦ હતો, જેમાં આજે વધારો થયો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં કોરોનાના કુલ કેસની સામે એક્ટિવ કેસની ટકાવારી ૧.૫૦% થાય છે, સાજા થનારા દર્દીઓની ટકાવારી વધીને ૯૭.૧૮% થઈ છે. સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૫%ની નીચે રહ્યો છે, જે હાલ ૨.૩૭% છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૪૨% સાથે પાછલા ૧૭ દિવસથી ૩% કરતા નીચો રહ્યો છે.

૧૬ જાન્યુઆરીએ ભારતમાં કોરોનાની રસીના અભિયાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં અત્યાર સુધીમાં કુલ ૩૬,૪૮,૪૭,૫૪૯ ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં ૩૩,૮૧,૬૭૧ ડોઝ પાછલા ૨૪ કલાકમાં આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ગઈકાલ સુધીમાં કુલ ૪૨,૫૨,૨૫,૮૯૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ૭ જુલાઈના રોજ વધુ ૧૮,૯૩,૮૦૦ સેમ્પલ લેવામાં આવ્યા છે.

દેશમાં કોરોનાથી કુલ મૃત્યુ દર ૧.૨૩ ટકા છે જ્યારે રિકવરી રેટ અંદાજે ૯૬.૯૨ ટકા છે. એક્ટિવ કેસ ઘટીને ૩ ટકાથી ઓછો થયો છે. કોરોના એક્ટિવ કેસના મામલે ભારત વિશ્વમાં ત્રીજા નંબર પર છે. કુલ સંક્રમિતોની સંખ્યાના મામલે ભારત બીજા સ્થાને છે. જ્યારે વિશ્વમાં અમેરિકા, બ્રાઝીલ બાદ સૌથી વધારે મોત ભારતમાં થયા છે.

નવા મંત્રીઓએ કાર્યભાર સંભાળ્યો

ન્યુ દિલ્હી,તા.૮

૭ જુલાઈના મોદી કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું. મંત્રીમંડળના પુનઃગઠન માટે એક મહિનાથી વધારે સમય લેવામાં આવ્યો. આ દરમિયાન ના ફક્ત સાવધાનીપૂર્વક યોગ્ય વિકલ્પોની શોધ કરાઈ, પરંતુ એવા ચહેરાઓની પંસદગી કરવામાં આવી જે મોદી સરકારને પહેલાથી વધારે મજબૂત કરી શકે. મોદી કેબિનેટમાં ડૉ. હર્ષવર્ધનની જગ્યાએ કેન્દ્રીય સ્વાસ્થ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયની જવાબદારી મનસુખ માંડવિયાને સોંપવામાં આવી છે અને તેમણે ગુરૂવારના પોતાનો ચાર્જ સંભાળ્યો.

દેશમાં કોવિડ-૧૯ના કહેરને જોતા સ્વાસ્થ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયનું મહત્વ ઘણું વધારે છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, 'મનસુખ માંડવિયાએ ગુરૂવારના કેન્દ્રીય સ્વાસ્થ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયનો ચાર્જ સંભાળી લીધો છે.' માંડવિયા રસાયણ તેમજ ખાતર મંત્રીનો ચાર્જ પણ સંભાળશે. આ ઉપરાંત મહેન્દ્ર મુંજપુરાએ મહિલા, બાળ વિકાસ અને આયુષ રાજ્યમંત્રી,પરસોત્તમ રૂપાલાએ ડેરી અને પશુપાલન-મત્સ્ય વિભાગ અને દર્શના બેન જરદોશે રેલવે રાજ્ય મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો.

હિમાચલના પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્રસિંહનું દુઃખદ નિધન

શિમલા, તા.૮

હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા વીરભદ્રસિંહનું લાંબી બીમારીથી ઝઝૂમ્યા બાદ ૮૭ વર્ષની વયે અવસાન થયું. સિમલાની ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ (આઈજીએમસી) ના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ.જનક રાજ દ્વારા પૂર્વ મુખ્યમંત્રીના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. સોમવારે વીરભદ્રસિંહને હાર્ટ એટેક આવ્યા બાદ ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં વીરભદ્રસિંહની તબિયત સતત બગડતી હતી. તેના લીધે તેમને આઈસીયુમાં શિફ્ટ કરાયા હતા. વીરભદ્ર સિંહ અહીં વેન્ટિલેટર સપોર્ટ પર હતા. અગાઉ આઈજીએમસીના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. જનક રાજે બુધવારે કહ્યું હતું કે સિંહની સ્થિતિ નાજુક છે પરંતુ તે સ્થિર છે.

● અનુસંધાન પાન-૭ પર

એલિમ્પિક્સ દરમ્યાન ટોક્યોમાં ઈમરજન્સી યથાવત રહેશે

૧૨ જુલાઈથી ૨૨ ઓગષ્ટ સુધી જાપાનમાં ઈમરજન્સી લાદવાનો પ્રસ્તાવ, દર્શકો વિના સ્પર્ધાનું આયોજન થશે

ટોક્યો,તા.૮

જાપાનમાં યોજાનારી 'ઓલિમ્પિક ૨૦૨૧' રમતોનાં થોડા સમય પહેલા રાજધાની ટોક્યોમાં ઈમરજન્સીની જાહેરાત કરવામાં આવી છે. ઓલિમ્પિક્સ દરમ્યાન કોરોના સંક્રમણ દરમાં વધારો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને જાપાન સરકારે આ નિર્ણય લીધો છે.

ઓલિમ્પિક રમતોનાં અંત સુધી ટોક્યોમાં ઈમરજન્સી લાગુ રહેશે. જેનો અર્થ એ છે કે, હવે ઓલિમ્પિક રમતોત્સવ સ્ટેડિયમમાં દર્શકો વિના થશે. પ્રાપ્ત માહિતી અનુસાર, જાપાનની યોશીહિદે સુગા સરકારે ગુરુવારે સવારે મળેલી બેઠકમાં આગામી સોમવાર (૧૨ જુલાઈ) થી ૨૨ ઓગસ્ટ, ૨૦૨૧ સુધી ટોક્યોમાં ઈમરજન્સી લાદવાનો નિર્ણય લીધો છે.

ઉલ્લેખનીય છે કે, રમતો દરમિયાન વિદેશી દર્શકોને મંજૂરી આપવામાં આવશે નહીં અને છ અઠવાડિયાની ઈમરજન્સી સ્થાનિક દર્શકોને મંજૂરી આપવાની સંભાવનાને પણ ખતમ કરી દેવામાં આવશે. જોકે, પ્રેક્ષકોની એન્ટ્રી અંગેનો નિર્ણય શુક્રવારે લેવામાં આવશે. આપને જણાવી દઈએ કે, હાલમાં ટોક્યોમાં કોરોનાને લગતા કોઈ કડક પ્રોટોકોલ નથી. ત્યાં બારથી લઈને રેસ્ટોરન્ટ ખોલવાના કલાકો ઘટાડવામાં આવ્યા છે, પરંતુ કોરોના સંક્રમણની ગતિ હજી નિયંત્રિત થઈ નથી.

નરેન્દ્ર મોદી મંત્રીમંડળમાં મહિલાઓનો દબદબો

મહિલા મંત્રીઓએ સમારોહ બાદની તસવીર શેર કરી : નિર્મલા સીતારમણ અને સ્મૃતિ ઈરાની મળીને હવે કેન્દ્રીય મંત્રી પરિષદમાં મહિલા મંત્રીઓની કુલ સંખ્યા ૧૧ થઈ

નવી દિલ્હી, તા.૮

મોદી સરકારના મંત્રીમંડળનો વિસ્તાર થયો. ૪૩ મંત્રીઓએ પદ અને ગોપનીયતાના શપથ લીધા. ૩૬ નવા ચહેરા સાથે મહિલાઓની ભાગીદારી પણ મોદી સરકારમાં વધી છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને કેન્દ્રીય મહિલા તથા બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની મળીને હવે કેન્દ્રીય મંત્રી પરિષદમાં મહિલા મંત્રીઓની કુલ સંખ્યા ૧૧ થઈ ગઈ છે. દેબશ્રી ચૌધરી મંત્રી પરિષદમાંથી બહાર થઈ ગયા છે. મોદી મંત્રીમંડળમાં ૧૫ કેબિનેટ, ૨૮ રાજ્યમંત્રીઓએ શપથ લીધા. બુધવારે જે મહિલા સાંસદોએ કેન્દ્રીય મંત્રી તરીકે શપથ લીધા તેમાં અપના દળ(એસ)ના અનુપ્રિયા પટેલ, શોભા કરાંદલાજે, મિનાક્ષી લેખી, અન્નપૂર્ણા દેવી, પ્રતિમા ભૌતિક, ડો. ભારતી પવાર, અને દર્શના જરદોશ સામેલ છે.

મિનાક્ષી લેખી દિલ્હીથી સાંસદ છે અને તેમને વિદેશ અને સંસ્કૃતિ મંત્રાલયમાં રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. જ્યારે અનુપ્રિયા પટેલને વાણિજ્ય મંત્રાલયમાં રાજ્યમંત્રી નિયુક્ત કરાયા છે. શોભા કરાંદલાજે કર્ણાટકના ઉડુપીથી બેવારથી સાંસદ છે. તેમને કૃષિ વિભાગમાં રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. જ્યારે દર્શા જરદોશ ગુજરાતથી છે અને કપડા અને રેલ મંત્રાલયમાં રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા છે.

અન્નપૂર્ણા દેવી ઝારખંડના કોડરમા બેઠકથી સાંસદ છે અને શિક્ષણ મંત્રાલયમાં રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. પ્રતિમા ભૌમિક ત્રિપુરાના છે અને તેમને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાં રાજ્યમંત્રી નિયુક્ત કરવામાં આવ્યા છે. ડો. ભારતી પવાર મહારાષ્ટ્રના ડિંડોરી બેઠકથી સાંસદ છે. તેમને મહિલા બાળ વિકાસ મંત્રાલયમાં રાજ્યમંત્રી નિયુક્ત કરાયા છે.

તમામ મહિલા મંત્રીઓએ પાર્ટી અધ્યક્ષ જે પી નડ્ડા સાથે શપથ ગ્રહણ સમારોહ બાદની એક તસવીર શેર કરી છે જેમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ અને સ્મૃતિ ઈરાની સાથે તમામ નવા મહિલા મંત્રી જોવા મળે છે. આ તસવીર ભાજપ અને કેન્દ્રીય મંત્રીમંડળમાં મહિલા શક્તિના વધતા વર્ચસ્વનું પ્રતિક છે.

મોદી કેબિનેટમાં ૧૪ મંત્રીઓ ૫૦ વર્ષથી ઓછી ઉંમરના

મોદી કેબિનેટે ભવિષ્યની લીડરશીપ તૈયાર કરી

ન્યુ દિલ્હી,તા.૮

બુધવારે મોદી કેબિનેટનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. કુલ ૪૩ મંત્રીઓએ શપથ લીધા. નવા પ્રધાનોમાં સૌથી વધુ ઉત્તર પ્રદેશના ૭ અને ત્યારબાદ ગુજરાત અને કર્ણાટકના ૫ પ્રધાનોનો સમાવેશ થાય છે. આ સિવાય મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળના ૪, બિહારના ૩ પ્રધાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેજ સમયે મધ્ય પ્રદેશ, આસામ અને ઓડિશાના ૨-૨ પ્રધાનો ટીમ મોદીનો ભાગ છે.

મોદી કેબિનેટમાં જાતિગત સમીકરણ બનાવવાના પણ પ્રયાસો કરવામાં આવ્યા છે, જેમાં પછાત જાતિ એટલે કે ઓબીસી નેતાઓની વિશેષ કાળજી લેવામાં આવી છે. ૧૫ રાજ્યોના ૨૭ ઓબીસી મંત્રીઓ છે. ૮ રાજ્યોના ૧૨ દલિત પ્રધાનો, ૮ રાજ્યોના ૮ આદિજાતિ પ્રધાનો, ૫ રાજ્યોના ૫ લઘુમતી પ્રધાનોને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે.

વિસ્તરણ પહેલાં, મોદી કેબિનેટની સરેરાશ વય ૬૧ વર્ષ હતી, જે હવે ઘટીને ૫૮ થઈ ગઈ છે. ૧૪ પ્રધાનો ૫૦ વર્ષથી ઓછી ઉંમરના છે. તેમાંથી ૬ને કેબિનેટનો દરજ્જો આપવામાં આવ્યો છે. ૪૬ પ્રધાનો એવા છે જેમણે અગાઉ કેન્દ્રમાં મંત્રી પદની જવાબદારી સંભાળી છે. ૨૩ મંત્રી ઓછામાં ઓછા ત્રણ ટર્મ માટે સભ્ય રહીને ઓછામાં ઓછા ૧૦ વર્ષ સંસદીય કાર્યનો અનુભવ ધરાવે છે.

● અનુસંધાન પાન-૭ પર

ટ્વીટર ૮ સપ્તાહમાં ફરિયાદ અધિકારીની નિમણૂંક કરશે

નવી દિલ્હી, તા.૮

નવા માહિતી ટેકનોલોજી નિયમોને લઈને કેન્દ્ર અને ટ્વિટર વચ્ચે ચાલી રહેલા વિવાદો વચ્ચે દિલ્હી હાઈકોર્ટે ગુરૂવારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર કોઈ પ્રકારના આઈટી કાયદાનું ઉલ્લંઘન કરે છે તો કેન્દ્ર સરકાર કાર્યવાહી માટે સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. હવે સુનાવણી ૨૮ જુલાઈ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. હકીકતમાં અંતરિમ અધિકારીની નિમણૂંકને લઈને ટ્વિટરે એફિડેવિડ દાખલ કરી હતી.

આ પહેલા ટ્વિટરે ગુરૂવારે દિલ્હી હાઈકોર્ટને કહ્યું કે, તે આઠ સપ્તાહની અંદર ફરિયાદી અધિકારીની નિમણૂંક કરશે. ટ્વિટરે કોર્ટને તે પણ જણાવ્યું કે, તે આઈટી નિયમોનું અનુપાલન માટે ભારતમાં એક સંપર્ક કાર્યાલય સ્થાપિત કરવાની પ્રક્રિયામાં છે. આ કાર્યાલય તેનું સ્થાયી હશે. ટ્વિટરના અંતરિમ નિવાસી

● અનુસંધાન પાન-૭ પર

કોરોના સામે લડવા ૨૩૧૨૩ કરોડનું ઈમરજન્સી પેકેજ

કિસાનોને એપીએમસી દ્વારા એક લાખ કરોડ અપાશે વડાપ્રધાન સાથે વર્ચ્યુઅલી બેઠકમાં ૩૦ મંત્રી હાજર રહ્યા

નવી દિલ્હી, તા.૮

મોદી કેબિનેટના વિસ્તારના એક દિવસ બાદ પ્રધાનંત્રી નરેન્દ્ર મોદીએ નવી ટીમની સાથે કેબિનેટની બેઠક યોજી છે. આ બેઠકમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધિત કરતા કેન્દ્રીય સૂચના પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યુ કે, કિસાનોને એપીએમસી દ્વારા એક લાખ કરોડ રૂપિયા આપવામાં આવશે.

અનુરાગ ઠાકુરે કહ્યુ કે પાછલા વર્ષે ૧૫ મેએ એગ્રીકલ્ચર ફંડની રચના કરવામાં આવી હતી, તેને એપીએમસીને મજબૂત કરવા માટે કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, આ ફંડમાં નાણાકીય યોગદાનની રીતમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઠાકુરે કહ્યું કે, કોરોના સામે

● અનુસંધાન પાન-૭ પર

કાશ્મીરમાં ૨૪ કલાકમાં ૫ આતંકીઓ ઠાર

શ્રીનગર,તા.૮

કુલગામ ખાતે ૨ આતંકવાદીઓને ઠાર મારવાની સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૫ આતંકવાદીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે. કાશ્મીરના આઈજીપી વિજય કુમારે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં કાશ્મીરમાં ૫ આતંકવાદીઓને ઢેર કરવામાં આવ્યા છે. આ માટે તેમણે પોલીસ અને સુરક્ષા દળોને શુભેચ્છા પાઠવી હતી.

જાણવા મળ્યા મુજબ બુધવારે મોડી રાતે દક્ષિણી કાશ્મીરમાં અથડામણ શરૂ થઈ હતી અને ૨ આતંકવાદીઓ ઘેરાયા હોવાની સૂચના મળી હતી. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો. પુલવામા ખાતે આતંકવાદીઓ સંતાયા હોવાની સૂચના મળ્યા બાદ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ દરમિયાન એક મકાનમાં સંતાયેલા આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. એસઓપીના કહેવા પ્રમાણે પહેલા તેમને આત્મસમર્પણ કરવાની તક આપવામાં આવી હતી. અનેક અવસર આપવા છતાં આતંકવાદીઓએ સમર્પણ કરવાના બદલે ફાયરિંગ ચાલુ રાખ્યું હતું અને જવાબી કાર્યવાહી બાદ અથડામણ શરૂ થઈ હતી. બંને બાજુથી મોડી રાત સુધી ફાયરિંગ કરવામાં આવ્યું હતું. અગાઉ ઉત્તર કાશ્મીરના હંદવાડા ખાતે સુરક્ષા દળોને મોટી સફળતા મળી હતી. આતંકવાદીઓ સાથેની અથડામણમાં સુરક્ષા દળોએ હિજબુલના ટોપ કમાન્ડર મેહરાજુદ્દીન ઉર્ફે ઉબૈદને ઠાર માર્યો હતો. ઉબૈદ અનેક આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ હતો.

આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં સુરક્ષા દળોને કાશ્મીર ઘાટીમાં ૭૧ આતંકવાદીઓને ઠાર મારવામાં સફળતા મળી છે.